# આસપાસ ચોપાસ




## ભૌગોલિક સ્થાન અને રોજગારની તકો

વાઘેચ ગામ ગોઝારી ખાડી અને પૂર્ણા નદીની વચ્ચે આવેલું છે. તેની સીમા નવસારી જિલ્લાના પેરા, સુપાગામ, પલસાણા તાલુકાના અંભેટી અને બારડોલી તાલુકાના નોગામા, પારડી અને કૂવાડિયા ગામની હદોને સ્પર્શે છે. ગામનું કુલ ક્ષેત્રફળ 320.01 હેક્ટર છે અને તે સુરત જિલ્લા મથકથી 50 કિ.મી. દૂર તેમજ બારડોલી તાલુકા મથકથી માત્ર 15 કિ.મી. દૂર આવેલું છે. ગામ સુરત, નવસારી અને બારડોલી જેવાં મુખ્ય શહેરો સાથે સીધા સડક માર્ગથી જોડાયેલું હોવાથી ગ્રામજનોને અવરજવરમાં કોઈ મોટી મુશ્કેલી પડતી નથી. પરંપરાગત રીતે હળપતિ સમાજના લોકો મુખ્યત્વે ખેત મજૂરી સાથે જોડાયેલા હતા. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં નવસારી, પલસાણા અને બારડોલી વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ ઝડપથી થયો છે. જેને કારણે નવી પેઢી માટે રોજગારીની મોટી તકો ઊભી થઈ છે. પરિણામે, યુવાનો હવે ખેતમજૂરીને બદલે નોકરી કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે, જેના કારણે તેમનું જીવનધોરણ પણ નોંધપાત્ર રીતે ઊંચું આવ્યું છે.



## જૂથ ગ્રામ પંચાયત અને સામાજિક સમરસતા

ગામના વિકાસ અને વહીવટ વિશે વધુ માહિતી આપતા ગામના અગ્રણી અને પૂર્વ સરપંચ મનહરભાઈ લલ્લુભાઈ પટેલ જણાવે છે કે, વાઘેચ અને બાજુમાં આવેલું કૂવાડિયા ગામ મળી વાઘેચ કૂવાડિયા જૂથ ગ્રામ પંચાયત તરીકે ઓળખાય છે. તેઓ ગર્વ સાથે ઉમેરે છે કે, આ ગામમાં ક્યારેય જાતિગત ભેદભાવ જોવા મળ્યો નથી. તમામ જાતિના લોકો સંપૂર્ણ હળીમળીને રહે છે, જે ગામની સૌથી મોટી સંપત્તિ છે. ગ્રામ પંચાયત દ્વારા વિકાસનાં કામોનો લાભ ગામના દરેક વ્યક્તિને, દરેક સમાજને મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવે છે. ગ્રામ વિકાસ સમિતિમાં તમામ સમાજના આગેવાનો જોડાયેલા છે. સરકારી યોજનાઓ હોય કે NRI અને ગામના લોકોના સહયોગથી થતાં લોકફાળાનાં કામો, દરેક કાર્યની શરૂઆત પહેલા ગ્રામ સમિતિની બેઠકમાં તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવે છે. આ બેઠકમાં કયા કામને અને કયા વિસ્તારને પ્રાધાન્ય આપવું એ બાબતો સર્વસંમતિથી નક્કી કરવામાં આવે છે. તમામ નિર્ણયો સહમતીથી લેવાતા હોવાથી વિવાદ થવાની સંભાવના નહીંવત રહે છે. જે વાઘેચના સફળ વિકાસ મોડેલનું મુખ્ય પાસું છે.

## વસતી વિષયક માહિતી (2011 મુજબ)

» ઘરોની સંખ્યા - 231
» કુલ વસતી - 958
» પુરુષ - 471
» મહિલા - 487
» અનુસૂચિત જાતિ - 24 (પુરુષ 12, મહિલા 12)
» અનુસૂચિત જનજાતિ - 868 (પુરુષ 426, મહિલા 442)
» અન્ય - 66
» સાક્ષરતા દર - 60.54%
» પુરુષ સાક્ષરતા દર - 64.76%
» મહિલા સાક્ષરતા દર - 56.47%

## વાઘેચમાં આધુનિક સબ સેન્ટરનું લોકાર્પણ: છેવાડાનાં ગામોને મળી આરોગ્યની નવી સુવિધા



સુરત જિલ્લાનું છેવાડાનું ગામ વાઘેચ હવે આધુનિક આરોગ્ય સુવિધાથી સજ્જ બન્યું છે. ગ્રામજનોને પૂરતી અને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે તે હેતુથી સરભોણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ અહીં નવા સબ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. તાજેતરમાં જ આ સબ સેન્ટરનું નવું મકાન તૈયાર થતાં તેનું લોકાર્પણ જુલાઈ માસમાં વિસ્તારના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવું અને સુવિધાસભર મકાન વાઘેચ સહિત આસપાસનાં અન્ય ગામો માટે આશીર્વાદરૂપ બન્યું છે. વાઘેચના આ સબ સેન્ટર થકી માત્ર સ્થાનિક જ નહીં, પરંતુ આજુબાજુના કૂવાડિયા, પારડીવાઘા અને નોગામા ગામના આદિવાસીઓ સહિત તમામ લોકોને પ્રાથમિક સારવાર અને આરોગ્ય સેવાઓનો લાભ સરળતાથી મળી રહ્યો છે. આ વિકાસ છેવાડાના વિસ્તારમાં સરકારી આરોગ્ય સુવિધાઓને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વનું પગલું છે.

## વિકાસનાં કામોમાં ગ્રામ સમિતિની વિશેષ ભૂમિકા

ગામમાં વિકાસનાં કામો માટે એક વિશેષ ગ્રામ સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિમાં તમામ સમાજના લોકો જોડાયેલા છે. ગામમાં લોકફાળાથી થતાં કામો કે પછી સરકારની યોજના મારફતે આવતાં કામો અંગે ગ્રામ સમિતિ દ્વારા ચર્ચા કરવામાં આવે છે અને ત્યારબાદ જ તેનો નિર્ણય લેવામાં આવે છે. આ સમિતિમાં મનહરભાઈ લલ્લુભાઈ પટેલ, ભરતભાઈ મગનભાઈ પટેલ, ગોપાલભાઈ દુલ્લભભાઈ પટેલ, દયાળભાઈ છોટુભાઇ પટેલ, રમેશભાઈ ભગુભાઈ પટેલ કમલેશભાઈ રામરતનભાઈ, સુજલભાઈ છગનભાઈ પટેલ સહિતની વ્યક્તિઓ જોડાયેલી છે. જેઓ ગ્રામ પંચાયતના સભ્યો સાથે ચર્ચા-વિચારણા કરી ગામમાં થઈ રહેલા અને ભવિષ્યમાં થનાર કામો બાબતે આયોજન કરે છે.



## રોજીરોટી માટે નવસારી, પલસાણા અને બારડોલી પર આધાર

વાઘેચ ગામ બારડોલી અને નવસારીની વચ્ચોવચ આવેલું ગામ છે. ગામના લોકો રોજીરોટી માટે ખાસ કરીને નવસારી અને પલસાણા ખાતે આવેલી GIDC પર આધાર રાખે છે. આ ઉપરાંત બારડોલી તરફ પણ કામધંધાર્થે લોકો જતાં હોય છે. તો કેટલાક પરિવાર ખેતમજૂરી કરીને પણ પોતાનું જીવન ગુજરાન ચલાવી રહ્યા છે. બારડોલી-નવસારી રાજ્ય ધોરી માર્ગ પર જ ગામ વસેલું હોય વાહન વ્યવહારની ખૂબ જ સારી વ્યવસ્થા હોવાને કારણે લોકો આરામથી અવરજવર કરી શકે છે. એસ.ટી. બસની સુવિધા પણ મહદઅંશે સારી હોવાથી ગ્રામજનો નોકરી પર જવા-આવવા માટે બસનો ઉપયોગ કરવાનું વધુ પસંદ કરે છે.



## ગામમાં પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા વધુ

દેશ અને રાજ્યમાં પુરુષ અને મહિલાના રેશિયોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે વહુમતી આદિવાસી વસતી ધરાવતું વાઘેચ ગામ મહિલા સશક્તિકરણ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. અહીં મહિલાઓની સંખ્યા પુરુષ કરતાં વધુ જોવા મળે છે. લગભગ મોટા ભાગના ગામમાં પુરુષ કરતાં સ્ત્રીની સંખ્યા ઓછી હોય છે. જ્યારે વાઘેચમાં આ રેશિયો વધુ છે. ખાસ કરીને આદિવાસી વસતીમાં આ રેશિયો વધારે છે. પુરુષોની સરખામણીએ 16 મહિલા વધુ છે અને તે પણ અનુસૂચિત જનજાતિની વસતીમાં જોવા મળતો હોય અન્ય લોકો માટે ગામ પ્રેરણારૂપ બની રહ્યું છે.

## NRI પરિવારોનો અમૂલ્ય સહયોગ

મનહરભાઈ પટેલ જણાવે છે કે, ગામના લગભગ 150 જેટલા પરિવારો યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (USA) અને યુનાઈટેડ કિંગડમ (UK) માં સ્થાયી થયા છે. આ તમામ NRI પરિવારોએ સમયાંતરે વતનનું ઋણ ચૂકવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આ વિદેશસ્થિત દાતાઓના યોગદાનનો લાભ ગામના તમામ વર્ગો અને સમાજને સમાન રીતે મળી રહ્યો છે. ઉદાહરણ તરીકે ગામમાં આવેલા આધુનિક સિમેન્ટ કોંક્રીટના રસ્તાનું નિર્માણ પણ અમેરિકામાં રહેતા પરિવારો અને ગામમાં વસતા લોકોના સહકારથી શક્ય બન્યું છે. મનહરભાઈ પટેલ પોતે નાદુરસ્ત તબિયત હોવા છતાં ગામમાં થતાં તમામ સરકારી તેમજ લોકફાળાનાં કામોનું સંપૂર્ણ ધ્યાન રાખે છે. તેઓ વિશેષરૂપે વિદેશમાં વસતા અને ગામના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપનાર દાતાઓના નામનો ઉલ્લેખ કરે છે, જેમાં નરેન્દ્રભાઈ દેવાભાઈ પટેલ, અરવિંદભાઈ રણછોડભાઈ પટેલ, ભરતભાઇ વલ્લભાઈ પટેલ, ગોપાલભાઈ દુલ્લભભાઈ પટેલ, સંજયભાઈ મનહરભાઈ પટેલ અને હિતેશભાઈ ડાહ્યાભાઈ પટેલ સહિતના અનેક પરિવારોનો સમાવેશ થાય છે. આ પરિવારો માત્ર આર્થિક મદદ જ નહીં, પરંતુ જ્યારે પણ ગામમાં પ્રાથમિક સુવિધા કે અન્ય કોઈ જરૂરિયાત ઊભી થાય છે, ત્યારે તાત્કાલિક ગામની મદદે દોડી આવે છે. આમ, વાઘેચ ગામ એ વાતનું જીવતું જાગતું ઉદાહરણ છે કે, જ્યારે સ્થાનિક સરકાર અને ગામના જાગૃત નાગરિકો (સ્થાનિક તેમજ NRI) એકસાથે મળીને કામ કરે છે, ત્યારે વિકાસના કેવા નવા આયામો સર કરી શકાય છે.



## સ્વયંભૂ દારૂબંધી: વાઘેચ ગામની પ્રેરક પહેલ

ગુજરાતમાં કાયદેસરની દારૂબંધી હોવા છતાં, ગ્રામ્ય વિસ્તારોમાં તેનું ખુલ્લેઆમ વેચાણ સામાન્ય બાબત છે. ત્યારે બારડોલી તાલુકાનું વાઘેચ ગામ સ્વયંશિસ્ત અને ચુસ્ત દારૂબંધીના અમલ દ્વારા અન્ય ગામો માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. આ ગામમાં ઘણાં વર્ષો પહેલા જ દારૂના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે. દારૂની બદીને કારણે અનેક પરિવારો બરબાદ થતા જોઈને ગામના યુવાનો અને અગ્રણીઓએ એકસાથે મળી આ મહત્ત્વપૂર્ણ અને ક્રાંતિકારી નિર્ણય લીધો હતો. આ નિર્ણયે ગામમાં એક નવી અને સકારાત્મક દિશા ચીંધી છે.









(માહિતી સંકલન અને તસવીરઃ તુષાર નાયક, બારડોલી)